-: પાયાનું ભણતર એ જ જીવનનું ઘડતર :-

શ્રીનગર સોસાયટી, કેશવબાગવાડી પાસે, બી.એ.પી.એસ.સ્વામિનારાયણ મંદિર અને સ્વિમીંગપુલની વચ્ચે, નવાવાડજ, અમદાવાદ : ૩૮૦૦૧૩. ફોન : ૨૭૬૪૪૬૭૩




# પ્રાથમિક શાળા

(ગુજરાતી માધ્યમમાં જ ઇંગ્લીશ મીડિયમને સમાવતી એક માત્ર શાળા)

**અક્ષર પ્રાથમિક શાળા** **માનવ બાલમંદિર**

શ્રીનગર સોસાયટી, કેશવબાગવાડી પાસે, નવાવાડજ, અમદાવાદ : ૩૮૦૦૧૩. ફોન : ૨૭૬૪૪૬૭૩

## અક્ષર પ્રાથમિક શાળાનું અનોખા સોપાન...અદ્યતન કમ્પ્યુટર શિક્ષણ

શાળામાં અદ્યતન કમ્પ્યુટર લેબ તો છે જ. પણ શાળાએ નવીન સોપાનના ભાગરૂપ ધોરણ : ૮ ના બાળકોને ઈન્ટરનેટ દ્વારા શિક્ષણ આપવાનું કાર્ય હાથ ધરેલ છે. આથી બાળક વર્ગખંડમાં વિષયને આનુસંગિક માહિતી મેળવી શકે છે, તદ્‌ઉપરાંત ઈન્ટરનેટ દ્વારા વિશ્વમાં ચાલી રહેલ વિવિધતાસભર શિક્ષણશૈલીઓથી પરિચિત થઈ શકે છે. શાળામાં જ બાળક ઈ-મેલ એકાઉન્ટ ખોલી દેશ તથા વિદેશમાં પોતાના મિત્રો અને સગાસંબંધી સાથે ઈ-મેલ દ્વારા સંપર્ક કરી શકે છે.ધોરણ : ૮ ના દરેક વિદ્યાર્થીઓના ઈ મેઈલ એકાઉન્ટ શાળામાં જ ખોલવામાં આવ્યા છે.

## ગુજરાતી માધ્યમમાં જ અંગ્રેજી માધ્યમનું શિક્ષણ

હાલના સાંપ્રતયુગમાં માતા-પિતા પોતાના બાળકને અંગ્રેજી માધ્યમમાં મૂકવાની ઉત્સુકતા ધરાવે છે. સામે પક્ષે તેઓના મનમાં એ પણ મૂંઝવણ હોય છે કે આગળ જતાં અંગ્રેજી તેની માતૃભાષા ન હોવાથી બાળક ઉપલા ધોરણોમાં પોતાની નૈસર્ગિક અભિવ્યક્તિ ગુમાવી બેસશે. બાળક ધોરણ - ૭ કે ૮ સુધી પહોંચે ત્યારે તે અત્યંત પ્રેશર અનુભવે છે. તેણે દરેક શબ્દનું અંગ્રેજી યાદ રાખવું પડે છે. અને બાળક તેનું બાળપણ ગુમાવી ડિપ્રેશનમાં સરી પડે છે. આથી તેમને ટયૂશનનો કે અન્ય વ્યક્તિનો સહારો લેવો પડતો હોય છે. વળી અંગ્રેજી ભાષા શીખવી પણ અનિવાર્ય છે. અક્ષર પ્રાથમિક શાળાએ આ મૂંઝવણનું સરળ નિરાકરણ હાથ ધરેલ છે. જૂન ૨૦૦૬ થી શાળામાં બાળકોને હાયર લેવલનું અંગ્રેજી શીખવવામાં આવે છે. પાયામાંથી જ તેની શરૂઆત થઈ જાય છે. આ પ્રકારના શિક્ષણથી બાળક માતૃભાષાની સાથે અંગ્રેજી ભાષાનુ ઉચ્ચ કક્ષાનું જ્ઞાન પ્રાપ્ત કરે છે અને સાંપ્રત સમયના દરેક સ્પર્ધાત્મક ક્ષેત્રોમાં સરળતાથી પોતાની ઓળખ ઊભી કરી શકે છે. શાળામાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષાઓ શીખવવામાં આવે છે.

બાળક પોતાના સ્વવિચારોની અભિવ્યક્તિ આગળ જતાં કરી શકે અને બાળક ગોખણીયું ન બનતા, પ્રેક્ટિકલ વિચારશક્તિથી કેળવાય તે હેતુથી શાળાએ જ્ઞાનસભા નામનો નવતર સાંસ્કૃતિક કાર્યક્રમ શરૂ કરેલ છે. જેમાં બાળકને ગણિત અને વિજ્ઞાનમાં શીખેલ મુદ્દાઓનો વ્યવહારિક ઉપયોગ કરવાની રમત બાળકોને રમાડવામાં આવે છે. આથી બાળક દરેક પ્રશ્નનો જવાબ આપતો જાય તેમ તેનું પ્રેક્ટિકલ નૉલેજ પણ ખીલતું જાય છે.

અક્ષર પ્રાથમિક શાળાએ આટલા વર્ષોથી શિક્ષણસેવા આપી ઘણાં ડૉક્ટર, એન્જિનિઅર તથા વ્યવસાયિકોને પાયાનું શિક્ષણ પૂરું પાડયું છે. શાળામાંથી પાયાનું શિક્ષણ અને જીવન ઘડતરના શીખેલ પાઠ વર્ષો વિત્યા છતાં તેઓ ભૂલી શકતાં નથી આથી જ તેઓ વર્ષો પછી પણ શાળાની વારંવાર મુલાકાત લે છે, તે શાળા માટે ગૌરવની વાત છે.

અક્ષર પ્રાથમિક શાળા એ ફક્ત શાળા જ નથી પરંતુ એક એવું કુટુંબ છે, કે જયાં બાળક ઘરના જેવા જ હૂંફ અને સ્નેહની લાગણી અનુભવે છે. આથી જ બાળક શાળાને ભૂલી શકતું નથી.

શાળાનો સ્ટાફ એ શાળાને મળેલ ઈશ્વરનું વરદાન છે.વર્ષોથી એક જ ધોરણમાં કામ કરેલ શિક્ષક અનુભવનું ભાથું બાળકોને પીરસે છે. બદલાતો શિક્ષકસ્ટાફ બાળકના શિક્ષણને ખૂબ હાનિકરક છે. જે વાલીએ કયાંય પણ એડમિશન લેતા પહેલાં ઘ્યાનમાં રાખવું જોઈએ.

# અક્ષર પ્રાથમિક શાળા

# માનવ બાલમંદિર

શ્રીનગર સોસાયટી, કેશવબાગવાડી પાસે, નવાવાડજ, અમદાવાદ : ૩૮૦૦૧૩. ફોન : ૨૭૬૪૪૬૭૩

## અક્ષર પ્રાથમિક શાળામાં બાળકને શા માટે ભણાવવું જોઈએ ?

* ઇંગ્લીશ મીડિયમના ખર્ચા માતા-પિતાને પરવડતા નથી અને ટ્યુશનના ખર્ચ પણ વાલીની કમર તોડી નાખે છે. આ શાળામાં ગુજરાતી માધ્યમ હોવાથી બાળક મોટેભાગે જાતે જ પોતાનું કામ કરી લે છે. તદ્‌ઉપરાંત ઇંગ્લીશ તો ઇંગ્લીશ મીડિયમ જેવું જ ભણે છે. આથી બાળકને આગળ જતાં તકલીફ પડતી નથી.

* અક્ષર પ્રાથમિક શાળા માત્ર પ્રાથમિક શાળા ચલાવે છે. જેથી એક જ શિફ્ટ હોવાથી શાળા ૧૧:૩૦ થી ૫:૦૦ સુધી બાળક તેમાં અભ્યાસ કરે છે. આથી ઓછી ફી માં બાળક અન્ય શાળા કરતાં વધુ અભ્યાસ કરે છે.

* શાળામાં માત્ર પ્રાથમિક વિભાગ હોવાથી બોર્ડની પરીક્ષા કે અન્ય કોઇ પરીક્ષાઓના કારણે શાળાનું બિલ્ડીંગ રોકાતું નથી આથી સમગ્ર વર્ષ દરમિયાન બાળક વધુ ને વધુ અભ્યાસ કરી શકે છે.

* અમારી શાળામાં સૌથી વધુ બાળકમાં સંસ્કારોનું સિંચન થાય તેના પર ધ્યાન આપવામાં આવે છે. બાળક દરેક તહેવારનું ધાર્મિક મહત્વ સમજે તેમજ માતાપિતાનો આદર કરે તેના માટે સતત બાળકને જાગૃત રાખવામાં આવે છે.

* શાળાને બાળકની ફી સિવાય કોઇ જ આર્થિક અપેક્ષા નથી. આથી શાળાએ ૪૦ વર્ષથી વધુ સમયથી એક જ યુનિફોર્મ રાખેલ છે. અને શાળા તેમાંથી કોઇ જ પ્રકારનું કમિશન લેતી નથી વાલી ઇચ્છે ત્યાંથી સ્કુલડ્રેસ લઇ શકે છે.

* તેવી જ રીતે વાલીને સ્ટેશનરી માટે પણ ચોક્કસ જગ્યાએથી લેવાની ફરજ પાડવામાં આવતી નથી.

* મોટા ભાગની શાળાઓની માફક સાંસ્કૃતિક કાર્યક્રમો માટે અમારી શાળા કોઇ જ હોલ ભાડે રાખી, હોલની એન્ટ્રી ફી કે ડ્રેસના પૈસા વાલી પાસેથી લેવામાં આવતા નથી.

* શાળા દરેક તહેવારની ઉજવણી ફી માંથી જ કરે છે. માટે વાલીએ તેના કોઇ જ પૈસા આપવા પડતા નથી.

* અક્ષર પ્રાથમિક શાળા આપણા વિસ્તારમાં ૪૦ વર્ષથી પણ જૂની છે. માટે શાળાનું માત્ર નામ જ પૂરતું છે. જે બાળક શાળામાં ભણે છે, તેનું ભણતર જ શાળાનો પ્રચાર કરે છે. આથી શાળાને સંખ્યાની બાબતમાં ક્યારેય તકલીફ પડી નથી. માતા-પિતા શાળામાં મૂક્યા પછી આજીવન ગર્વ અનુભવે તે જ શાળાપરિવાર માટે સતકર્મ છે.

* શાળા ટ્રાન્પોર્ટેશન માટે વર્ષો જૂના ડ્રાઇવર્સ છે, જેઓની ફાળવણી વિસ્તાર પ્રમાણે કરેલ છે. આ ટાન્સપોર્ટેશનફી પણ રીક્ષા કે વાનવાળા ભાઇને આપવાની હોય છે. તેમાં શાળા કયારેય કોઇ કમિશન લેતી નથી કે લેશે પણ નહિ.



બાળકને માતૃભાષામાં લખતા, વાંચતા અને વિચારતા કરવા થાય અને પોતાના વિચારોની અભિવ્યક્તિ કરી શકે તે માટે શાળામાં શિક્ષણની સાથે વિજ્ઞાનમેળો, નાટક, ગરબા, અંતાક્ષરી, પ્રવાસ,શિક્ષકદિન, રથયાત્રા, ડાન્સ કોમ્પિટિશન, ફેશનશો, મહેંદીસ્પર્ધા, વકતૃત્વસ્પર્ધા, વર્ગસુશોભન સ્પર્ધા, અભિનયગીતો, રમતોત્સવ, ક્રિસમસ, હોળી, બાળગીત સ્પર્ધા, વાર્તા સ્પર્ધા જેવી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ થાય છે.


રથયાત્રા


મહેંદી સ્પર્ધા


વકતૃત્વસ્પર્ધા


નવરાત્રીની ઉજવણી


બાળકોની સ્વરચનાઓનું પ્રદર્શન



ચિત્રસ્પર્ધા


વિજ્ઞાનમેળો


ફનફેર


રમતોત્સવ


ફેશન શો



પ્રવાસ


ડાન્સ કૉમ્પિટિશન


મેઘધનુષી સમાહ


શનિવારે સમૂહપ્રાર્થના


ક્રિસમસ સેલિબ્રેશન


નાટક


હોળીની ઉજવણી


ઈનામવિતરણ